# પૃથ્વીનો છેડો ઘર અને ઘરનો છેડો ઘરનો દરવાજો

ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા

કેટલાક લોકોને પોતાનું આખું ઘર છોડીને ઘરના દરવાજે બેસવાની ટેવ હોય છે. ખાસ કરીને કેટલીક મહિલાઓને! એટલે એમ પણ કહી શકાય કે ‘પૃથ્વીનો છેડો ઘર અને ઘરનો છેડો ઘરનો દરવાજો.’ ઘરના દરવાજે જે આનંદ હોય છે તે ઘરમાં નથી હોતો. એ જ મહિલાઓ પાછી વાતો એવી કરતી હોય કે ‘મને તો એસી વિના જરા પણ ન ફાવે!’ વાત પણ ખોટી નથી. તેમના ઘરમાં દરેક રૂમમાં એસી હોય જ. પણ ખબર નહીં કે આ દરવાજો પૃથ્વીના કોઈ સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો છે કે શું! તેમને દરવાજે ગરમી નથી લાગતી, અહીં એસી વિના પણ ફાવે છે. આ સંશોધન કરવા જેવું છે કે અડોશપડોશની મહિલાઓ ભેગી થઈને સાંજના સમયે ઘરના દરવાજે બેઠી હોય ત્યારે દરવાજાનું તાપમાન અને ઘરમાં એસી ચાલુ હોય તે રૂમનું તાપમાન માપવા જોઈએ. અને આ રીતે બંને સ્થળનો દરરોજનો એક વર્ષનો ડેટા ભેગો કરીને કમ્પેર કરવો જોઈએ. તો ખ્યાલ આવે કે વધુ ઠંડક ક્યાં છે!

અમારું માનવું છે કે દરવાજે ઠંડક વધુ દેખાશે. ‘એસી વિના દરવાજે શા માટે ફાવે છે.’ તે મુદ્દે ઊંડા સંશોધનને અંતે એવું તારણ પણ મળ્યું છે. વાત જાણે એમ છે કે મોટાભાગના લોકોના હૈયામાં વરાળ (હૈયાવરાળ) ભરાયેલી હોય છે. એટલે ઘરમાં એસી ચાલુ હોય તો પણ ગરમી થાય જ. ઘરના દરવાજે મહિલાઓ ભેગી થાય એટલે સૌ પોતપોતાની હૈયાવરાળ ઠાલવે. અહીં પડોશી મહિલાઓ વિશે વિશદ્ ચર્ચાઓ કરવામાં આવે જેને કેટલાક નઠારા લોકો ‘કુથલી’ કહે છે. આવી ચર્ચા મગજને ઠંડક આપતી હોય છે. આમ મગજ ઠંડુ થાય તો ગમે તેવી ગરમીમાં પણ ઠંડકનો અનુભવ થાય. એટલે ઘરના દરવાજે તેઓ એસી વિના પણ બેસી શકે છે. અરે ધોમધખતા ઉનાળે પેલા દેશી પીનારાઓનું દાખલો લો ને! એવી ભયંકર ગરમીમાં તેઓ દેશી પીવે ત્યારે જ તેમના કોઠે ટાઢક થાય છે. એટલે જ કહ્યું છે ને ‘ગરમી ગરમી ને મારે!’ આમ દરેક માણસની ટાઢક કરવાની રીત જુદી જુદી હોય છે. દરવાજે બેસનાર મહિલા મંડળમાંથી કેટલીક મહિલાઓ તો એમ પણ કહેતી હોય કે મને ઘોંઘાટ તો જરા પણ ન ગમે. કેટલાકના દરવાજા સીધા મેઈન ગલીમાં કે રોડ પર પડતા હોય તો ત્યાંથી વાહનોના ઘોંઘાટ સતત ચાલુ જ હોય છે છતાં તે લોકો આનંદથી દરવાજે બેઠા હોય છે પણ એ ઘોંઘાટ તેમને પીડાને બદલે કદાચ આનંદ આપતો હશે. હા, કહેવાય છે ને કે માણસ પર આવી પડેલી પીડા તેને અસહય લાગે, પણ જો તમે પીડાને જાતે સ્વીકારી હોય તો તે અસહય લાગતી નથી. આજના જમાનાના કેટલાક બની બેઠેલા ગુરુઓ (સાચા ગુરુઓની વાત નથી.) બીમાર પડે અને પછી બે ચાર હોસ્પિટલો બદલાવે તોય સાજા ન થાય. ત્યારે ગુરુ પોતે જ પોતાના જ ભક્તો દ્વારા એવી વાત વહેતી મૂકે કે ‘આ તો ગુરુજીની લીલા છે. ગુરુજીએ તાવ ગ્રહણ કર્યો છે.’ બાકી તાવની શું મજાલ છે કે ગુરુજીની આજુબાજુ ફરકી શકે. આમ જ્યારે માણસ એટલે કે મહિલાઓ પોતે ઘોંઘાટને ગ્રહણ કરે છે ત્યારે તેં ઘોંઘાટ ઘોંઘાટ ન રહેતા



કર્ણપ્રિય ધ્વનિ બની જાય છે. તેં ઘોઘાટ કોઈ પવિત્ર ‘ઘાટ’ બની જાય છે. વળી એમાં એવું છે કે દરેક મહિલા પોતપોતાનો દરવાજો પકડીને બેસતી નથી તે કોઈ એક ચોક્કસ મહિલાના દરવાજે પાંચ સાતના જૂથમાં સ્નેહ મિલન યોજે છે.

આમ પણ ઘણા લોકોને દુનિયામાં શું ચાલી રહ્યું છે તે જોવા જાણવાની ઉત્કંઠા કાયમ હોય છે. દરવાજો માણસને નજીકની દુનિયા દેખાડે છે. એટલે દરવાજાથી દુનિયા સાથે સીધેસીધું જોડાઈ શકાય છે. ઘરમાં બેઠા બેઠા કોઈના વિશે ટીકા ટિપ્પણી થઈ શકતી નથી. કોઈ સાંભળે કે ન સાંભળે છતાં તેને સલાહ આપી શકાતી નથી. પણ દરવાજે બેઠા હોય તો આ બધું થઈ શકે અને મોટાભાગના લોકોમાં બીજાની ટીકા ટિપ્પણી કરવાનો ઉત્સાહ છુપાયેલો હોય છે. દરવાજે બેસવાથી તે સ્વયંભૂ પ્રગટ થાય છે.

કોઈ પતિ-પત્ની રસ્તામાં ચાલીને જતા હોય અને કુદરતી રીતે જ પતિનો અવાજ ઊંચો હોય (બાકી તો પત્ની સામે કોઈ પતિ અવાજ ઊંચો રાખી શકતો નથી.) જેની સ્વરપેટી ઈન બીલ્ટ (in built)તાર સપ્તકની હોય અને બંને વાતો કરતા ચાલ્યા જતા હોય તો દરવાજે બેઠેલુ મહિલા મંડળ તેનું તારણ કાઢે કે અરે જુઓ જુઓ પેલો મૂઓ રોડ પર પણ પત્ની પર કેવી રાડારાડ કરતો જાય છે. એટલે બીજા બહેન બોલે કે એ તો રોડ પર જ થાય, ઘરમાં તો બકરી બની જાય. ત્રીજાબહેન બોલે કે આપણે એવું જ છે ને! આપણે ય રસ્તા પર કે જાહેરમાં હસબન્ડ સામે ઊંચા અવાજે જીભાજોડી કરવાનું ટાળીએ. હા, નીચા અવાજે ઊંચા પ્રકારના શબ્દો સંભળાવી દઈએ. ઉપરાંત ઘેર જઈને વ્યાજ સહિત એનું વટક વાળી દઈએ.

આમ ચર્ચા ચાલતી હોય અને બધા દૂર સુધી નજર કરતા હોય તેમાં કોઈ એકાએક બોલી ઊઠે કે ‘પેલું ક્રીમ કલરનું મકાન છે ત્યાં કોણ ઊભેલું છે!?’

**આ સંશોધન કરવા જેવું છે કે અડોશપડોશની મહિલાઓ ભેગી થઈને સાંજના સમયે ઘરના દરવાજે બેઠી હોય ત્યારે દરવાજાનું તાપમાન અને ઘરમાં એસી ચાલુ હોય તે રૂમનું તાપમાન માપવા જોઈએ**

બીજા બહેન બોલે, ‘એમાં તો પેલા મફતલાલ રહેતા’તા.’ તો વળી ત્રીજી બહેન કહે, “અરે તમને ખબર નથી એ મફતલાલ તો શેર બજારમાંથી ઉઠી ગયો એટલે મકાન વેચીને જતો રહ્યો અને આ કોઈ બીજો આવ્યો છે. બીજી મહિલા પૂછે કે બીજો શું કરે છે. આ પ્રશ્નનો જવાબ કોઈ પાસે ન હોય ત્યારે અત્યાર સુધી સાવ ચુપ રહેલા એક બહેન બોલે, “આ પણ શેર બજારનું જ કરે છે.” એટલે ચોથી મહિલા બોલે કે તો તો પછી આપણને ટૂંક સમયમાં કોઈ નવા નિવાસી જોવા મળશે. ત્યારે કશું જ ન બોલનાર મહિલા સૌની છેલ્લે બોલી ઊઠે, “અરે તમને ખબર નથી. એ મકાન જ એવું છે એમાં જે કોઈ આવે છે તે ઝાઝું ટકતો નથી.’ તે મહિલા આટલી વાત રમતી મૂકે એટલે તેના કારણો જાણવાની સૌને જિજ્ઞાસા જાગે.એટલે બધી મહિલા નિવેદન કરનાર બહેનને પૂછે, “કેમ શું છે એ મકાનમાં!” તો કહે કે મેં તો સાંભળ્યું છે કે તે મકાનમાં ‘મામો’ થાય છે. ‘મામો’ કોઈને રહેવા દેતો નથી. તરત કોઈ પ્રશ્ન કરે કે ‘મામો’ તો પેલો સફેદ કપડાવાળો ભૂત હોય તેને કહેવાય ને! તો અન્ય મહિલા કહે, “હા એ જ ‘મામો” તો પેલા મૂળ નિવેદન કરનાર બહેન બોલે કે અમે તો ઘણીવાર રાત્રે અમારી અગાસીમાં સૂતા હોઈએ અને રાત્રે ત્રણ ચાર વાગ્યે ઊઠી તો તે ઘરની આજુબાજુ ઘણીવાર મામો જોયેલ છે. આ મામો એ ભૂત સમાજનો એક એવો રસપ્રદ પ્રકાર છે કે મામો ઘણી જગ્યાએ જોવા મળે છે પણ એનો ‘ભાણો’ ક્યાંય જોવા મળતો નથી. પણ જો એ વિષય પર મહિલાઓમાં રંગત જામે તો અઠવાડિયામાં એકાદ મહિલા એવું પણ કહે કે તમે તો ફક્ત મામો જ જોયો ને! મેં તો તેનો ભાણો ય જોયો છે. તેનો ભાણો રાત્રે બ્લેક કપડામાં હોય છે. આમ એક ઘરના દરવાજા નીચે બીજાના ઘરના અનેક રહસ્યોના એક પછી એક પડદા ખુલતા જાય છે.

બીજું કે દરરોજ દરવાજે બેસનારને બીજાના દરવાજાઓની ખબર હોય છે. ત્યાંથી પાંચમા ઘરે કોઈ બહેન એકલા રહેતા હોય અને તે ઘરમાં કોઈ પુરુષ પ્રવેશે એટલે તરત જ મહિલાઓ સતર્ક થઈ જાય અને જાતજાતના તર્ક કુતર્ક લડાવે. પછી બધા બોલે કે નક્કી દાળમાં કાળું છે. આમ તેમની દાળ ડખોળવા માંડે. પણ પછી ખબર પડે કે એ તો તેમનો સગો ભાઈ છે એટલે આખે આખી દાળ ચૂલેથી ઊતરી જાય. આ રીતે દરવાજે બેસીને બીજાની દાળ હલાવવામાં, વઘારવામાં(ફ્રાઈ કરવામાં) પોતાની દાળ ક્યારે દાઝી જાય તેની ખબર જ રહેતી નથી.

વળી દરવાજે બેઠેલી મહિલાઓમાંથી એક બહેન બોલે, ‘આ તો તમે મને બોલાવી એટલે આવી, બાકી મારે તો કેટલું બધું કામ છે, મરવાનો ય ટાઈમ નથી. એટલે બીજી બહેન પણ બોલે, ‘અરે મારે ઘણું કામ છે સાંજે એમને બહાર જવાનું છે એટલે હજુ એમના કપડા ને ઈસ્ત્રી કરવાની બાકી છે.’ ત્યાં તો ત્રીજી મહિલા બોલે, ‘આ તો તમે સૌ બેઠા અને પછી હું ન આવું તો તમને ખોટું લાગે એટલે જરા આવી. બાકી મારે તો એક ઘડીનો ય ટાઈમ નથી. આ રીતે બિચારી મહિલાઓ કામમાંથી નવરી પડતી જ નથી અને નઠારા પુરુષો એવું કહે કે ઓટલે બેસીને પંચાત કરે છે.

## -:: ગરમાગરમ ::-

***પ્રખ્યાત પરમાણુ વૈજ્ઞાનિક નીલ્સ બોહરે તેમના ઘરના મુખ્ય દરવાજા પર નસીબ ચમકાવવા માટે ‘ઘોડાની નાળ’(Horseshoe) લટકાવી રાખી હતી.***

***એક દિવસ તેમના મિત્રે તે જોઈને હસતા હસતા પૂછ્યું, ‘તમે આટલા મોટા વૈજ્ઞાનિક થઈને પણ આવા અંધવિશ્વાસમાં માનો છો કે આનાથી નસીબ સારું થાય?’***

***નીલ્સ બોહરે હસીને બહુ વૈજ્ઞાનિક જવાબ આપ્યોઃ ‘ના, હું આમાં બિલકુલ નથી માનતો. પણ મેં સાંભળ્યું છે કે જે લોકો આમાં નથી માનતા, આ નાળ તેમનું પણ નસીબ ચમકાવી દે છે!’***